# સૂક્ષ્મ પિયત યોજનાઓની લાક્ષણિકતાઓ

- આ પારદર્શી યોજનામાં ખેડૂત તેની જરૂરિયાત મુજબ કોઈપણ સૂક્ષ્મ પિયત પદ્ધતિ, જીજીઆરસીનાં માન્ય કોઈ પણ સપ્લાયર દ્વારા ગમે તેટલા વિસ્તારમાં પોતાની પસંદગીના કોઈ પણ પાક માટે લઈ શકે છે.
- આ યોજનામાં ખેડૂત લાભાર્થી જરૂરિયાત મુજબ બેંક લોન લઈ શકે છે.
- ખેડૂતના ખેતર પર સૂક્ષ્મ પિયત પદ્ધતિનાં સાધનોની ગોઠવણી બાદ જીજીઆરસી દ્વારા સરકારશ્રીની સહાયની ચુકવણી કરવામાં આવે છે.
- સૂક્ષ્મ પિયત પદ્ધતિ પ્રસ્થાપિત થયેથી તેનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન (નિષ્પક્ષ/તટસ્થ) એજન્સી દ્વારા નિરીક્ષણ.
- થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન એજન્સી દ્વારા તેની ચકાસણી અને ખેડૂતની સ્વીકૃતિ પછી જ સપ્લાયરને બાકી રકમની ચુકવણી.
- આ યોજનામાં ટપક સિંચાઈ પદ્ધતિના કિંમત જેટલું ખેડૂત તેમજ સિસ્ટમને વીમા રક્ષણ.
- સપ્લાયર દ્વારા લાભાર્થી ખેડૂતને સૂક્ષ્મ પિયત પદ્ધતિ યોજનાને અનુલક્ષી કૃષિ માહિતી, જાળવણી તથા ઉપયોગનું માર્ગદર્શન.
- ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવેલ ખેડૂતોને મોબાઈલ ફોન પર એસ.એમ.એસ દ્વારા હવામાનની આગાહી, પાક વિષે સલાહ, બજાર ભાવ અને કૃષિ સમાચાર વગેરે જેવી જાણકારી મળે છે.
- સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવનાર ખેડૂતને અગ્રિમતાના ધોરણે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વીજ જોડાણ.
- જિલ્લા વન અધિકાર સમિતી દ્વારા આદિવાસી ખેડુતને મળેલ જમીનમાં સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અપનાવવા માટે અગ્રિમતા આપવામાં આવશે.
- ગુજરાતભરમાં વિસ્તરેલા જીએસએફસી/જીએનએફસી ડેપો થકી પણ ખેડૂતોને કૃષિ માહિતી પૂરી પાડવામાં આવે છે.







Vibrant GUJARAT 2015 11-13 Jan.
The Global Business Hub | 7th Global Summit







GGRC

## ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

રજી. ઓફિસઃ પો. ઓ. ફર્ટીલાઈઝરનગર–૩૯૧ ૭૫૦, જિલ્લોઃ વડોદરા, ગુજરાત, ભારત
ફોન નં.: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સઃ +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઈમેઈલઃ info@ggrc.co.in
CIN No.: U63020GJ1998PLC035039, www.ggrc.co.in

# અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

- સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા માટેનું જીજીઆરસી દ્વારા નિયત થયેલ અરજી ફોર્મ(ફોર્મ નં. ૧)માં જ અરજી કરવાની રહેશે. રજીસ્ટ્રેશન નંબર નોંધી રાખવો.
- કોઈપણ કોરા ફોર્મ પર અગાઉથી સહી કરવી નહી. ફોર્મ સંપૂર્ણ ભર્યાબાદ જ વિગતોને તપાસી સમજીને સહી કરવી.
- ફોર્મમાં કરેલ સહીનો નમૂનો સાચવી રાખવો જેથી ફરી સહી કરતી વખતે અલગ સહી ન થાય જેથી સહીની વિસંગતતાના કારણે અરજી રદ્ ન થાય અને કાર્ય ઝડપથી થાય.
- એમઆઈએસ સપ્લાયર, સિસ્ટમનો પ્રકાર, ડીઝાઈન અને પાકની પસંદગી ખુબ સમજી વિચારીને કોઈપણ જાતના લોભલાલચમાં આવ્યા વિના કરવી, જેથી વારંવાર ફેરફારની જરૂરિયાત ન રહે. સપ્લાયર તરફથી નિમવામાં આવેલ ડિલરની વિશ્વસનિયતા વિશે ખાત્રી કરી લેવી.
- ૭–૧૨ અને ૮અ ના ઉતારામાં જે નામ હોય તે જ નામ અરજી ફોર્મમાં લખવું તથા ઉતારામાં દર્શાવેલ વિસ્તારની મર્યાદામાં જ સૂક્ષ્મ પિયત માટે અરજી કરવી અને સર્વે વખતે એટલાજ વિસ્તારનો સર્વે કરાવવો.
- જે સર્વે નં.ના જે વિસ્તારમાં એક વખત સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અપનાવેલ હોય, એજ સર્વે નંબરમાં ૧૦ વર્ષ સુધી સહાયનો લાભ ફરી લઈ શકાશે નહી, પરંતુ જો તે સર્વે નંબરમાં વિસ્તાર બાકી રહેતો હોય તો બાકીના વિસ્તાર માટે ફરીથી અરજી કરી શકાશે.
- સરકારશ્રીની સહાય સિવાયની ખેડૂતે ભરવાની રકમ, ખેડૂતે જાતેજ જીજીઆરસીના બેંક એકાઉન્ટ નંબરની ખાત્રી કર્યા પછીજ ખાતામાં જમા કરાવવી.
- સૂક્ષ્મ પિયત વસાવવા અંગેના દસ્તાવેજોની નકલ સપ્લાયર પાસેથી અચૂક મેળવી લેવી.
- ટ્રાયલ રન વખતે ખેડૂતે અચૂક હાજર રહી સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ બરાબર કાર્ય કરે છે કે નહી તેની ખાત્રી કરાવી લેવી.
- કોઈપણ જાતની અફવાથી ગેરમાર્ગે ન દોરાતાં વધુ માહિતી માટે જીજીઆરસીના ટોલ ફ્રી નં. ૧૮૦૦–૨૩૩–૨૬૫૨ પર સંપર્ક કરવો.

GGRC ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ હરિત ક્રાંતિ

રજી. ઓફિસ: પો. ઓ. ફર્ટીલાઈઝરનગર–૩૯૧ ૭૫૦, જિલ્લો: વડોદરા, ગુજરાત, ભારત
ફોન નં.: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઈમેઈલ: info@ggrc.co.in
CIN No.: U63020GJ1998PLC035039, www.ggrc.co.in